# શ્રીમતી રઝીયા સલીમખાન પઠાણ, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.

**ઈ.એસ.આઈ.અરજી નં.૨૪/૨૦૨૩**

**અરજદાર** : **મયંક પ્રોસેસર્સ પ્રા.લી.,**
૨૩૭, શાહવાડી, ઓકટ્રોય નાકા સામે, સૈજપુર ગોપાલપુરા,
નારોલ, અમદાવાદ.

**વિરૂધ્ધ,**

**સામાવાળા** : (૧) **રીજીયોનલ ડાયરેકટરશ્રી,**
**ઈ.એસ.આઈ. કોર્પોરેશન,**
હે.પંચદીપ ભવન, આશ્રમ રોડ,
અમદાવાદ.

(૨) **શ્રી મહેન્દ્રપાલ મીણા,**
**આસી.ડાયરેકટર,**
**ઈ.એસ.આઈ. કોર્પોરેશન,**
હે.પંચદીપ ભવન, આશ્રમ રોડ,
અમદાવાદ.

**<u>હાજર રહયા:–</u>**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એચ.આર.રાવલ.
સામાવાળા તરફે : વિધ્વાન વકીલશ્રી એ.જે.ભટ્ટ.

## –:: <u>આંક–૨ ની મનાઈ હુકમની અરજી હેઠળ હુકમ</u> ::–

**૧.** આ કામના અરજદારે આ અરજી કરી સામાવાળા તથા તેમના રીકવરી ઓફીસર તેઓ પાસેથી તા.૧૪–૨–૨૦૨૩ ના હુકમ અનુસાર ઈ.એસ.આઈ. ફાળાની રકમ તથા વ્યાજ અને અન્ય મળી કુલ રૂા.૭,૦૮,૭૦૪/– વસુલ કરે–કરાવે નહીં તેવો મનાઈ હુકમ ફરમાવવાની દાદ માંગેલ છે.

અરજદારે તેઓની આંક–૨ ની અરજીમાં એવી રજુઆત કરેલ છે કે, તેઓની

કંપની ધી કંપની એકટ હેઠળ રજીસ્ટર્ડ થયેલ પ્રાઈવેટ લીમીટેડ કંપની છે અને સદર કંપની કાપડ પ્રોસેસીંગના ઉદ્યોગમાં રોકાયેલ સંસ્થા છે. કંપનીને લાગુ પડતા તમામ મજુર કાયદાઓનું ચુસ્તપણે પાલન કરે છે. અરજદાર કંપનીને ઈ.એસ.આઈ. એકટ લાગુ પડે છે અને કંપનીને ઈ.એસ.આઈ. એકટ લાગુ પડેલ ત્યારથી તેઓ નિયમિતપણે તેની જોગવાઈઓનું પાલન કરતા આવેલ છે અને કયારેય પણ કાયદાની જોગવાઈઓનો ભંગ કરેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત હકીકત હોવા છતા ઈ.એસ.આઈ. કોર્પોરેશનના સોશીયલ સીકયોરીટી ઓફીસરશ્રી સુબ્રતો દાસા તેઓની કંપનીમાં તા.૯–૯–૨૦૨૨ ના રોજ વીઝીટમાં આવેલ. તેઓને તેમની માંગણી મુજબ એપ્રીલ–૨૦૧૭ થી જુલાઈ–૨૦૨૨ સુધીના હાજરીપત્રકો તથા પગાર પત્રકો, વર્ષ ૨૦૧૭–૧૮ ના વર્ષનો ઓડીટ રીપોર્ટ, બેલેન્સશીટ, લેજર અને વાઉચર તથા ફાળો ભરેલ ચલણો વગેરે તમામ રેકર્ડ ઈન્સ્પેકટશન માટે રજુ કરેલા હતાં. અરજદાર કંપની કાપડ પ્રોસેસીંગ કામમાં રોકાયેલ હોઈ કંપનીમાં કેટલાક કોન્ટ્રાકટરો રાખી કામગીરી કરાવવામાં આવતી હતી. આથી સદર કોન્ટ્રાકટરના હાજરીપત્રકો તથા પગાર પત્રકો પણ ઈન્સ્પેકશન દરમ્યાન રજુ કરેલા હતાં. તેમની કંપનીમાં કામ કરતા કોન્ટ્રાકટરો અલાયદો ઈ.એસ.આઈ. કોડ નંબર ધરાવતા ન હોવાથી પ્રિન્સીપલ એમ્પ્લોયર તરીકે કોન્ટ્રાકટરના કામદારોનું ઈ.એસ.આઈ. કોન્ટ્રીબ્યુશનનું કોમ્પ્લાયન્સ પણ તેઓની કંપનીના કોડ નંબર ઉપર કરવામાં આવતું હતું. આમ તેઓએ એસ.એસ.ઓ. ની વીઝીટ દરમ્યાન તમામ દસ્તાવેજો રજુ કરેલા તથા તેઓએ ઉપસ્થિત કરેલ તમામ બાબતોની સંપૂર્ણ જાણકારી તથા હિસાબો આપેલા. આમ કરી તેઓએ ઈન્સ્પેકશનમાં સંપૂર્ણ સહકાર આપેલ.

વધુમાં જણાવેલ છે કે, ઈ.એસ.આઈ. કોર્પોરેશનના એસ.એસ.ઓ.શ્રીએ તા.૯–૯–૨૦૨૨ ના રોજ વર્ષ ૨૦૧૭–૨૨ ના વર્ષ માટે ડીટેઈલ ઈન્સ્પેકટશન કમ

ઓબ્ઝર્વેશન રીપોર્ટ આપેલ અને જેમાં ઓમીટેડ વેજીસ પેટે રૂા.૨૦,૩૫૯/– ફાળો ભરવા જણાવેલ, જે તેઓએ તા.૧૩–૧૨–૨૦૨૨ ના રોજ ચલણથી ભરપાઈ કરી દીધેલ. આમ તેઓએ સંપૂર્ણપણે ઈન્સ્પેકશનનું કોમ્પ્લાયન્સ કરેલ.

વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત હકીકત હોવા છતાં કોઈપણ જાતની શો–કોઝ નોટીસની બજવણી કર્યા વિના કાયદાની જોગવાઈઓથી વિરુધ્ધ સામાવાળા નં.૨ ધ્વારા તા.૩૧–૧–૨૦૨૩ ના રોજની નોટીસ ઈસ્યુ કરી રૂા.૪,૩૧,૬૨૩/– કોન્ટ્રીબ્યુશનમાં ગણી સદર નોટીસની બજવણી થયેલ છે કે કેમ? તેની ખાતરી કર્યા સિવાય કે કોઈ બચાવ કરવાની કે રજુઆત કરવાની તક આપ્યા સિવાય મનસ્વી રીતે એપ્રીલ–૨૦૧૭ થી માર્ચ–૨૦૧૮ ના વર્ષની પગારની ગણતરી આધાર વિના અને ઈન્સ્પેકટશન રીપોર્ટથી વિવાદીત રીતે કરી કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ સામાવાળા નં.૨ ધ્વારા રીકવરી ઓફીસર ઈ.એસ.આઈ. કોર્પોરેશન તરફ તથા અરજદાર વિરુધ્ધ તા.૧૪–૨–૨૦૨૩ ના રોજના પત્રથી રૂા.૭,૦૮,૭૦૪/– વસુલ કરવા આદેશ આપેલ છે. સદરહુ આદેશ આપતા અગાઉ તેઓને કોઈ સી–૧૮ ની નોટીસ આપવામાં આવેલ નથી કે કલમ–૪૫(એ) હેઠળ કોઈ હુકમ પણ થયેલ નથી તથા સામાવાળાએ ઈસ્યુ કરેલ તા.૩૧–૧–૨૦૨૩ નો પત્ર કે જે અરજદારને તા.૧૦–૨–૨૦૨૩ ના રોજ મળેલ હતો, એટલે કે સુનાવણીની તા.૮–૨–૨૦૨૩ બાદ મળેલ હતો. આ હકીકત જોતાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો પણ સંપૂર્ણપણે ભંગ કરી સામાવાળા નં.૨ ધ્વારા રીકવરીનો આદેશ કરેલ છે, જે શરુઆતથી જ ગેરકાયદેસર અને રદ થવાને પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, તા.૯–૯–૨૦૨૩ ના ઈન્સ્પેકશન સમયે એસ.એસ.ઓ. ધ્વારા તમામની ગણતરી કરી એકઝમ્ટેડ વેજીસની નોંધ પણ સ્પષ્ટપણે કરવામાં આવેલ છે. આમ છતાં કોઈ પણ પ્રકારના વ્યાજબી કારણ વિના સામાવાળા નં.૨ ધ્વારા તદ્દન બેઝલેસ ગણતરી કરી રૂા.૪,૩૧,૬૨૩/– વર્ષ

૨૦૧૭–૧૮ ના વર્ષનું પગારનું કોન્ટ્રીબ્યુશન તથા તે ઉપર વ્યાજ તથા અન્ય મળીને રૂા.૭,૦૮,૭૦૪/– રીકવર કરવા આદેશ આપેલ છે જે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ સદર અરજી કરવી પડેલ છે.

વધુમાં જણાવેલ છે કે, તેઓને તા.૩૧–૧–૨૦૨૩ નો ફાળો માંગતા પત્ર મળ્યા બાદ તેઓએ તા.૨૪–૨–૨૦૨૩ ના રોજ પત્ર લખી સંપૂર્ણ ગણતરી સામાવાળા સમક્ષ રજુ કરેલ. જે એસ.એસ.ઓ. ધ્વારા ચકાસી સમર્થન આપેલ છે, પરંતુ આમ છતાં સામાવાળા ધ્વારા રીકવરીનો આદેશ કરવામાં આવેલ છે. આમ હકીકતે જયારે તેવી રકમ કે જે ઉપર ફાળો ભરવાપાત્ર જ ન હોય ત્યારે સામાવાળા સદર રકમને મનસ્વી રીતે વસુલ કરી શકે નહીં. આથી રીકવરી આદેશને રદ કરાવવો જરૂરી હોઈ તેઓએ કલમ ૭૫ હેઠળ અરજી દાખલ કરેલ છે. પરંતુ સદર અરજીની સુનાવણી દરમ્યાન સામાવાળા નં.૨ ધ્વારા રીકવરી ઓફીસરે કરેલ આદેશ અનુસાર જો રીકવરી ઓફીસર તેઓ પાસેથી રકમની રીકવરી કરી લે અથવા તો રીકવરી કાર્યવાહી શરુ કરે તો તેઓને દાખલ કરેલ અરજીની કોઈ જ અર્થ રહે તેમ નથી અને આવી કાર્યવાહીથી તેઓને જેનું મુલ્ય નાણામાં ના આંકી શકાય તેવું પારાવાર નુકશાન થાય તેમ છે. આથી તેઓની અરજીની સુનાવણી દરમ્યાન સામાવાળા નં.૧ ના રીકવરી ઓફીસર કે તેઓના કોઈ કર્મચારી કે એજન્ટ તેઓ પાસેથી નાણાની રીકવરી ન કરે તે માટે મનાઈ હુકમ મેળવવો જરૂરી છે. તેઓની અરજીની હકીકત જોતાં તેમનો પ્રથમ દર્શનીય કેસ છે તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ તેઓની તરફેણમાં છે, આથી મનાઈ હુકમ મેળવવા સદર અરજી દાખલ કરેલ છે.

અરજદાર તરફે આંક–૩ થી અરજીના સમર્થનમાં સોગંદનામું તથા આંક–૪ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

મારા પુરોગામીશ્રી ધ્વારા જે તે સમયે અરજદારના વિધ્વાન વકીલશ્રીને સાંભળી આંક–૨ હેઠળ હુકમ પસાર કરવામાં આવેલ છે, જેમાં તેઓએ અરજદારે ઉચ્ચક રકમ

રૂ.૧,૫૦,૦૦૦/– દિન–૩૦ માં જમા કરાવવાની શરતે માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવેલ છે.

મારા પુરોગામીશ્રીએ તેઓના હુકમમાં વિશેષ નોંધ કરેલ છે કે અરજદારને ફાળાની રકમ નકકી કરતા અગાઉ સી–૧૮ ની નોટીસ આપેલ નથી કે ધી ઈ.એસ.આઈ. એકટની કલમ–૪૫(એ) હેઠળ કોઈ હુકમ પસાર કરવામાં આવેલ નથી.

**૨.** સામાવાળા કોર્પોરેશન તરફે આંક–૯ થી લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે અરજદારની અરજીની હકીકતો નકારી કાઢેલ છે.

સામાવાળા તરફે આંક–૧૦ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

**૩.** અરજદાર તરફે આંક–૮ ના લીસ્ટથી મારા પુરોગામીશ્રીએ અગાઉ કરેલ હુકમ મુજબ રૂ.૧,૫૦,૦૦૦/– ચેકથી સામાવાળામાં જમા કરાવ્યાના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

**૪.** આ કામના અરજદાર તથા સામાવાળાના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૫.** આ કામનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં આ કામના સામાવાળાએ ધી ઈ.એસ.આઈ. એકટની જોગવાઈઓ, પ્રોસીજર તેમજ રૂલ્સ અનુસરેલ નથી તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. અરજદારને કોઈ સી–૧૮ ની નોટીસ ઈસ્યુ કરેલ નથી. નિ.૧૦/૩ થી રજુ નોટીસ સી–૧૯ ની છે. તે અગાઉ કલમ ૪૫(એ) ની જોગવાઈ અન્વયે કોઈ સ્પીકીંગ ઓર્ડર પાસ કરેલ નથી.

આમ, સમગ્ર હકીકતો અને કેસના સંજોગોમાં ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદારની આંક–૨ ની અરજી ગ્રાહય રાખવામાં આવે છે.

(૨) સામાવાળા કે તેમના રીકવરી ઓફીસરોએ અરજદારની મુળ અરજીનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી અરજદાર પાસેથી તા.૧૪–૩–૨૦૨૩ ના હુકમ મુજબની રકમ રૂા.૭,૦૮,૭૦૪/– (અંકે રૂપિયા સાત લાખ આઠ હજાર સાતસો ચાર પુરા) વસુલ કરવી–કરાવડાવવી નહીં.

(૩) અરજદારની આંક–૧ ની અરજીની હવે પછીની સુનાવણી તા.૨૩/૨/૨૦૨૪ ના રોજ રાખવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૯–૧–૨૦૨૪

**(રઝીયા સલીમખાન પઠાણ)**
ન્યાયાધીશ,
કામદાર રાજ્ય વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

જે.બી.કુંજેરા, પી.એસ.